# કોગ્રેંસથી દેશને મુક્તિ અપાવવીએ જ મોટી દેશભક્તિઃ નરેન્દ્ર મોદી

ગાંધીનગર તા. ૩

ગુજરાતના મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીમાં ભાજપની રાષ્ટ્રીય પરિષદમાં કોગ્રેંસને દેશમાંથી ઉખાડીને ફેંકી દેવાનું આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, કોગ્રેંસ, ભારતના સાર્વજનિક જીવનમાં ઉધઈની જેમ ફેલાઈ ગઈ છે અને કોગ્રેંસથી દેશને મુક્તિ અપાવવીએ સૌથી મોટી દેશભક્તિ છે.

ભાજપાની રાષ્ટ્રીય પરિષદના આજના છેલ્લા દિવસે દેશના તમામ રાજ્યોમાંથી ઉપસ્થિત રહેલા હજારો, વરિષ્ઠ આગેવાનો અને કાર્યકર્તાઓમાં જનતાના અરમાનો અને આશાઓની પૂર્તિ માટે સંકલ્પબદ્ધ થવાની ઊર્જાનું પ્રેરક સિંચન કરતાં નરેન્દ્રભાઈ મોદીએ સ્પષ્ટપણે દેશની જનતાના અવાજની ઘોષણા કરતાં જણાવ્યું કે, દેશની જનતાએ નિર્ધાર કરી લીધો જ છે. કોગ્રેંસને હવે કોઈ બચાવી શકવાનું નથી. સ્વરાજ પ્રાપ્તિની લડતના દિવાનાઓએ આઝાદી માટે બલિદાનો આપ્યા હતા, તપસ્યા કરી હતી ત્યારે અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થઈ, ભારત આઝાદ થયું હતું. હવે સ્વરાજ પછી સુરાજયની પ્રાપ્તિ માટેની લડાઈમાં કોગ્રેંસથી ભારતને મુક્તિ અપાવવાની છે. ઉધઈ સ્વરૂપે વિકૃતિઓથી ભરેલી કોગ્રેંસને દૂર કરવા માટેની ઉતમ દવા ભાજપાની લક્ષ્યાવધિ કાર્યકર્તાઓનો પસીનો છે, એમ જણાવી મુખ્યમંત્રીએ કોગ્રેંસ અને ભાજપની તુલના કરવા રાજકીય પંડિતોને અનુરોધ કર્યો હતો. કોગ્રેંસ કમિશન પાર્ટી છે, ભાજપ મિશનની પાર્ટી છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ રાષ્ટ્રીય પરિષદમાં ભાજપાએ કરેલા અભૂતપૂર્વ ઉષ્માસભર સન્માનનો પ્રવચનના પ્રારંભે ભાવવિભોર બનીને આભારસહ પ્રતિભાવ આપતાં સમગ્રતયા માર્ગદર્શન અને ગુજરાતની જનતાનો વિજય છે. ગુજરાતના વિજયના સાચા એવા આ અધિકારીના ચરણોમાં હું મારા સન્માનને સમર્પિત કરું છું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ભાજપાના આ રાષ્ટ્રીય અધિવેશન ઉપર હિન્દુસ્તાન જ નહીં દુનિયાની મીટ મંડાયેલી છે. કારણ કે, ભાજપાએ દેશના રાજનૈતિક જીવનમાં પોતાની ભૂમિકાનું મહત્વ પ્રગટ કરેલું છે. દિલ્હીના શાસક તરીકે બેઠેલી કેન્દ્ર સરકાર હવે દેશ માટે એક પડકાર બની ગઈ છે. આ એવી સરકાર છે જેને કોઈ મજૂર રાખવા તૈયાર નથી. દેશને સંકટોમાં ડૂબાડી દીધો છે. ગરીબોના ઘરમાં ચૂલો સળગતો નથી, મોંઘવારીથી ગરીબો ત્રાસી ગયા છે. છતાં કેન્દ્રની સરકાર છે કે નહીં તેનો જનતાને અહેસાસ જ નથી થતો.




નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ધન્યવાદ માટે તેમની પાસે શબ્દો નથી. પરંતુ ગુજરાતનો વિજય કોઈ વ્યક્તિ કે નરેન્દ્ર મોદીનો નથી. આ ભાજપના લાખો કાર્યકર્તાઓના અહર્નિશ અને એકનિષ્ઠ પુરૂષાર્થનું પરિણામ છે. સમય સમય ઉપર કસોટીમાં પાર ઉતરેલી ભાજપાની વિચારધારા, ભાજપાની રાજનૈતિક સંસ્કૃતિમાં જનતાનો વિશ્વાસ, ભાજપાના રાષ્ટ્રીય નેતૃત્વના

કોગ્રેંસ કલ્ચર ઉપર આકરા સરસંધાન કરતાં નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, દેશના હિતોનો બલી ચઢાવીને કોગ્રેંસ એક પરિવારના હિતો જ પોષ્યા છે. એટલું જ નહીં, પરિવારને બચાવવા કોગ્રેંસના હિતોનો બલી ચઢાવ્યો છે. આઝાદીના પ્રથમ દશકમાં જયારે કોગ્રેંસ એકલી પંચાયતથી પાર્લામેન્ટ સુધી સત્તા ભોગવતી હતી. પ્રતિપક્ષનું નામોનિશાન નહોતું. મીડિયાની ઘેરાબંધી નહોતી, જયુડિશિયલ એકઝીવિઝમ નહોતું. એનજીઓની ભરમાર નહોતી તેમ છતાં કોગ્રેંસે હિન્દુસ્તાનના વિકાસની પરવા કેમ નહોતી કરી? એ વેળાએ તો ભાજપનો રાજનૈતિક ક્ષેત્રમાં જન્મ નહોતો થયો. પરંતુ કોગ્રેંસે તેની એવી પરંપરા ઉભી કરી છએ કે એક પરિવારનું કહ્યું કરે એવા હાથોમાં દેશનું સુકાન રાખવું. ભારત જેવા મહાન લોકતંત્રમાં કોગ્રેંસની આ રાજનૈતિક પરંપરાએ વિકૃતિની હદ વટાવી દીધી અને પરિવારના હિતોને જાળવવા કોગ્રેંસમાં યોગ્ય નેતૃત્વ ઉપસી શક્યું જ નથી. દેશના વડાપ્રધાન અત્યારે નાઈટ વોચમેન છે. કોગ્રેંસના અધ્યક્ષ તરીકે સીતારામ કેસરીને રીતસર ઉઠાવીને ફેંકી દેવાયેલા. વડાપ્રધાનનો હોદો કેવો સક્ષમ હોવો જોઈએ તેની તુલના કરતા નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, મનમોહનસિંહના સ્થાને પ્રણવ મુખરજી વડાપ્રધાન બન્યો હોત તો દેશની વર્તમાન સ્થિતિ કદાચ જુદી હોત. પરંતુ પરિવારની ભક્તિ પ્રણવ મુખરજી પાસેથી નહીં મળે એવો ડર હતો અને તેમનો બદલે મનમોહનસિંહને નાઈટ વોચમેનની જેમ વડાપ્રધાન બનાવી દીધા. પરિવારના રક્ષા થતી રહે એવી બફર વ્યવસ્થારૂપે ફાઈવસ્ટાર એકટીવિસ્ટોની ટોળી, જેને દેશની ધરીત સાથે કોઈ લેવા દેવા નથી. તેવી એનએસી બનાવી દીધી. એવા સંખ્યાબંધ નેતાઓ છે. જ્યાં સુધી કોગ્રેંસમાં હતા, વડાપ્રધાન બની નહોતો શકયા! કોગ્રેંસ આજે જનતાથી સંપૂર્ણપણે ડિસકનેકટ થઈ ગઈ છે. કોગ્રેંસની એક જ પરંપરા રહી છે કે એક પરિવારને કોઈનો રાજનૈતિક ખતરો જણાય તો તેને ખતક કરી નાંખે છે.

## વડીલોને વંદન
## અભિનંદન



માધવલાલ અમથારામ પટેલ
(૧૯૩૯)ફોનઃ ૨૩૨૪૧૮૬૪

## તાજપુરની હાઈસ્કૂલમાં બોર્ડના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો

ચિલોડા, તા. ૩

પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ ગામની શાળાનાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ તાજેતરમાં યોજાયો હતો. જેમાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ વિદાય શુભેચ્છા સમારંભના પ્રારંભે શાળાના બાળકોએ વિવિધ થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. બાદમાં મુખ્ય પ્રોફેસર જતીનભાઈ જયસ્વાલ, નિવૃત્ત આચાર્ય હીરાભાઈ પટેલ, સાંકાભાઈ પટેલ તથા કેળવણી મંડળના મંત્રી નટુભાઈ પટેલ અને વિક્રમભાઈ પટેલ વગેરે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક આશીર્વચન આપી ઉંચુ પરિણામ લાવવા પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું અને બાળકોને ભેટ આપી હતી.




## ગુજરાત એટીએસ સીમીના બે શખ્સોની કસ્ટડી મેળવશે

અમદાવાદ,તા. ૩

ગુજરાત એટીએસની ટીમ વર્ષ ૨૦૦૨માં થયેલી કોમી હિંસાનો બદલો લેવા મોટા કાવતરાના સંબંધમાં મુંબઈ જેલમાંથી લશ્કરે તોયબા અને સીમીના બે શખ્સો અફરોઝ ખાન પઠાણ અને બિલાલ અહેમદ અબ્દુલની કસ્ટડી લઈ શકે છે. ગુજરાત એટીએસ સીમીના બે આરોપીઓની કસ્ટડી લેશે તેને લઈને છેલ્લા ઘણા સમયથી પ્રયાસ ચાલી રહ્યા હતા. તેમના અંગે વધુ માહિતી ઉપયોગી સાબિત થઈ શકે છે. તેમના આગોતરા જામીન અરજીને શહેર સેશન કોર્ટ ફગાવી ચૂકી છે. આ બંને આરોપી મુંબઈ જેલમાં છે અને મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ ક્રાઈમ એક્ટ (મકોકા) હેઠળ ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. ટ્રાન્સફર વોરંટના આધારે જ્યારે આતંકવાદી કાવતરા કેસમાં એટીએસના અધિકારીઓ કસ્ટડી મેળવવાના પ્રયાસ કર્યા ત્યારે બંને આરોપીઓએ અમદાવાદ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. પ્રોસીક્યુટર મુકેશ કાપડીયાનું કહેવું છે કે એડીશનલ સેશન જજ કે જે દસોનડીએ તેમની જામીન અરજીને ફગાવી દીધી છે અને એવું તારણ આપ્યું છે કે ખૂબ જ ગંભીર આરોપો તેમની સામે છે. વર્ષ ૨૦૦૯માં શહેર ક્રાઈમ બ્રાન્ચે ૨૪ લોકો સામે ફરિયાદ દાખલ કરી હતી તેમાં બે શખ્સોનો પણ સમાવેશ થાય છે. દેશ સામે યુદ્ધ છેડવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો હતો. કાલુપુર રેલવે સ્ટેશન ખાતે બ્લાસ્ટ જેવા આતંકવાદી હુમલા અને દેશ સામે યુદ્ધ છેડવાની બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ગુજરાત હિંસાનો બદલો લેવા આતંકવાદી કેમ્પ માટે જમ્મુ કાશ્મીર અને દેશના અન્ય ભાગોમાંથી મુસ્લિમ યુવાનોને લાલચ આપી ભરતી કરવાની તેમની યોજના હતી. ઘણા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા હતા. દરોડા પણ પાડવામાં આવ્યા હતા. દક્ષિણ ગુજરાતમાં એક સેમીનારી ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા અને દસ્તાવેજો મેળવવામાં આવ્યા હતા.

## સીએનજી પંપ ખાતે લાખોની દિલધડક લૂટ કરાતા ચકચાર

અમદાવાદ, તા. ૩

અમદાવાદ શહેરના નારણપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભાવસાર હોસ્ટેલ પાસે આવેલા સીએનજી અદાણી પંપ ખાતે દિલધડક લૂટથી ભારે સનસનાટી મચી ગઈ હતી. છ લાખથી વધુની લુટના કારણે પોલીસ તંત્રમાં પણ સોપો પડી ગયો હતો. આ સંબંધમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જો કે હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. અમદાવાદ શહેરમાં તાજેતરમાં જ હત્યા, લૂટ, ઘરફોડ ચોરી, છેતરપીંડીના બનાવો દિનપ્રતિદીન વધી રહ્યાં છે. ત્યારે નારણપુરા વિસ્તારમાં બનેલા આ બનાવથી ભારે સનસનાટી મચી ગઈ છે. સીએનજી અદાણી પંપ ખાતે કેટલા રૂપિયાની લૂટ થઈ છે તે અંગે હજુ સુધી પાકો આંકડો જાણી શકાયો નથી. આ લૂટ છ લાખની આસપાસ હોવાનું જાણવા મળ્યું છે. વહેલી સવારે લૂટના આ બનાવથી આસપાસના વિસ્તારોમાં પણ આને લીધે ચર્ચા રહી હતી. લૂટ ચલાવવામાં આવ્યા બાદ અદાણી સીએનજી પંપને બંધ રાખવાની ફરજ પડી હતી.

પોલીસ અને તપાસ ટુકડીઓએ તપાસ જારી રાખી હતી. સંબંધિતોની પૂછપરછ પણ કરવામાં આવી હતી. સીએનજી પંપ ખાતે કામ કરતાં કર્મચારીઓની પણ પ્રાથમિક પૂછપરછ માહિતી એકત્રિત કરવા માટે કરવામાં આવી હતી.

## ભાજપ વિધાનસભા પક્ષની મંગળવારે મળનારી બેઠક : અંદાજપત્રની ચર્ચા માટે માગદર્શન અપાશે

ગાંધીનગર, તા. ૩

ભાજપ વિધાનસભા પક્ષની મળનારી બેઠકમાં ધારાસભ્યોને રાજ્યના અંદાજપત્ર પત્રની ચર્ચામાં પોતાના મંતવ્યો વ્યક્ત કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભા ગૃહમાં આવતીકાલથી રાજયના અંદાજપત્ર પર ચર્ચા શરૂ થનારી છે. રાજયના નાણામંત્રી નીતિનભાઈ પટેલે ગત ૨૦મીના રોજ રાજયના વર્ષ-૨૦૧૩-૧૪ માટેનું અંદાજપત્ર રજુ કર્યું હતું. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ચાર દિવસ માટે હાથ ધરનાર છે.

દિલ્હી ખાતે યોજાયેલી ભાજપની રાષ્ટ્રીય પરિષદમાં હાજરી આપવા ભાજપના તમામ ધારાસભ્યો દિલ્હી ગયા છે. જેઓ આવતીકાલે પરત ફરનાર હોઈ ભાજપ વિધાનસભા પક્ષની બેઠક સોમવારને બદલે મંગળવારના રોજ રાખવામાં આવી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મંગળવારે મળનારી બેઠકમાં અંદાજપત્રમાં કરવામાં આવેલી કર રાહતોને કારણે પ્રજાને કેટલો લાભ થશે. કઈ યોજનાઓથઈ કયા સમાજના કેટલા લાભાર્થીઓને લાભ થશે, આ બાબતોનો અભ્યાસ કરીને પોતાના વક્તવ્યમાં વણી લેવા માટે ધારાસભ્યોને માર્ગદર્શન આપવામાં આવશે.

આ ઉપરાંત કેન્દ્રની યુ.પી.એ. સરકાર દ્વારા રજુ કરવામાં આવેલા અંદાજપત્રમાં સામાન્ય માનવીને ભુલવામાં આવ્યા હોવાની વાતને આગળ ધરીને વિપક્ષ કોંગ્રેસને ભીંસમાં લેવા માટેની વ્યુહરચના પણ ભાજપ દ્વારા મંગળવારે મળનારી બેઠકમાં ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

અંદાજપત્રની ચર્ચા ઉપરાંત વિભાગની માંગણીઓ પર થનારી ચર્ચામાં પણ સભ્યો એક જ વિષય પર ન બોલે અને જુદા જુદા વિષયો પર સભ્યો બોલે તે પક્ષ દ્વારા દરેક સભ્યોને વિષયો ફાળવી દેવામાં આવ્યા છે. અને કયા સભ્યએ કયા વિભાગની માંગણી પર બોલવાનું છે અને આ માટે સભ્યોને વિભાગો દ્વારા તૈયાર કરવામાં આવેલ સાહિત્ય તમામ સભ્યોને આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા આગામી સપ્તાહ બાદ લાવવામાં આવનાર સરકારી વિધયેકો તેમજ અન્ય પ્રસ્તાવોમાં પણ ચર્ચામાં ભાગ લેવા અને તેના પર બોલવા માટે ધારાસભ્યોને માર્ગદર્શન આપવામાં આવશે અને આ અંગેની તાલીમ પણ આપવામાં આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અંદાજપત્રની ચર્ચા દરમ્યાન તમામ સભ્યોને ગૃહમાં હાજર રહેવા માટે પક્ષ દ્વારા થી લાઈન વ્હીપ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.


## ૨૮ વાછરડાં કતલખાને જતાં બચાવાયાં : બેની ધરપકડ

ડીસા, તા. ૩

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પાસેથી ૨૮ વાછરડાં ભરેલી ટ્રક ઝડપી લઈ ગૌવંશને કતલખાને લઈ જતાં બચાવાયું હતું. ટ્રક સાથે રહેલી બે વ્યક્તિઓની પોલીસે અટકાયત કરી છે. વાછરડાઓને ટેટોડા ગૌશાળામાં મોકલી આપ્યાં હતાં.

ધાનેરાની રેલ નદી પાસેથી પસાર થતી એક ટ્રકને સ્થાનિક પોલીસે અને ગામવાસીઓએ અટકાવી તપાસ કરતાં કતલખાને લઈ જવાતાં ૨૮ વાછરડાઓ હતાં. તેમનો લેવામાં આવ્યા હતા. રાજસ્થાન તેમજ ગુજરાતમાં ગૌવંશની હેરાફેરી પર પ્રતિબંધ હોવા છતાં પણ રાજસ્થાનથી ગુજરાત તરફ મોટાપાયે ગૌવંશ લાવવામાં આવે છે. અને કતલખાને લઈ જવાય છે. આજે બચાવાયેલા વાછરડાંઓને રાજસ્થાનના ફલોદી વિસ્તારમાંથી ભરીને કતલખાને લઈ જવાતાં હતા તેને ધાનેરા પોલીસે અટકાવી ટ્રકની સાથે રહેલી બે વ્યક્તિઓની ધરપકડ કરી હતી. આ વાછરડાઓને ટેટોડા ખાતેની ગૌશાળામાં મોકલી આપ્યા છે.

## શબ્દાવલી - ૪૯૯૬



### આડી ચાવી

૧. ખરાબ દશા (૪)
૪. નજીક, પાસે (૩)
૬. ફરજીયાત ના હોય તેવું (૫)
૮. એક ગામઠી કાપડ (૩)
૯. અંધકાર (૩)
૧૧. ત્વરાથી, ઝડપથી (૩)
૧૩. તરી શકે તેવો હલકો પદાર્થ (૩)
૧૪. ચણાના લોટથી એક વાનગી (૩)
૧૫. સોગન, સમ (૩)
૧૬. ... કરવા, વ્હાલ કરવું (૨)
૧૭. ગેરહાજર ના હોય તેવું (૩)
૧૮. ઝઘડો (૪)
૧૯. પપૈયાના બીયા જેવા તીખાં બીયા

### ઊભી ચાવી

૧. અવગણવું તે (૫)
૨. દબાવવું, ... કરવું (૩)
૩. કાણુ, છિદ્ર (૨)
૪. અંતસમય, વિનાશ (૪)
૫. પધ્ધતિસર (૪)
૭. વિજય (૨)
૧૦. બચાવનાર (૫)
૧૨. એક પ્રકારના બીયા ઠંડક માટે વપરાય (૫)
૧૩. તમારૂં (૨)
૧૪. પથ્થર (૩)
૧૫. કર્મ, કાર્ય (૩)
૧૬. ઠોકર, ... મારવી (૨)

### શબ્દાવલી ૪૯૯૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) છલાંગ (૩) મધરાત (૬) રમજાન (૭) વસાણુ (૯) વાર (૬) રમજાન (૭) વસાણુ (૯) વાર (૧૦) ટચ (૧૨) સાદ (૧૩) ભડકો (૧૫) વિધુ (૧૭) ઠોબારૂ (૧૯) વાર (૨૦) કરચ (૨૧) ગંદકી (૨૨) કણજી

**ઊભી ચાવી :-** (૧) છણાવટ (૨) ગરણુ (૩) મજાક (૪) ધન (૫) તસ્કર (૮) સાચ (૯) વાદવિવાદ (૧૧) ખોડ (૧૩) ભરૂચ (૧૪) કોમ (૧૬) ઘુરકીયા (૧૭) ઠોકર (૧૮) બાર (૨૧) ગંજી

## અકસ્માત વેળા કારની ગતિ ૧૦૦ કિમીથી વધુની હતી

અમદાવાદ,તા. ૩

બીએમડબલ્યુ હીટ એન્ડ રન કેસને લઈને જોરદાર ચર્ચા ચાલી રહી છે. અકસ્માતના સમયે કારની ગતિ પ્રતિ કલાક ૧૫૦ કિલોમીટરથી વધુની હતી. તેને લઈને પણ લોકોમાં ચર્ચા છે તેવા સમયમાં ફોરેન્સીક નિષ્ણાંતો દ્વારા તપાસ કરવામાં આવી છે. ફોરેન્સીક નિષ્ણાંતોની ટીમે હવે અકસ્માત સ્થળની મુલાકાત લઈને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન પાસે નુકસાન પામેલી કારની ચકાસણી કરી હતી.

નિષ્ણાંતો પ્રાથમિક રીતે એવા તારણ ઉપર પહોંચ્યા છે કે આ કાર અકસ્માતના સમયે ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી દોડી રહી હતી. ૨૫મી ફેબ્રુઆરીના દિવસે નહેરુનગરના નિવાસી ૨૭ વર્ષીય વિસ્મય શાહ મોડી રાત્રે ૧૨.૧૦ વાગે વસ્ત્રાપુરમાં લાડ સોસાયટી રોડ નજીક તેની લક્ઝરી સેડાન કાર ચલાવી રહ્યો હતો. એ જ વખતે તેની કાર વસ્ત્રાપુરના નિવાસી ૨૫ વર્ષીય શિવમ દવે અને ઘાટલોડીયાના નિવાસી ૨૧ વર્ષીય રાહુલ પટેલ સાથે ટકરાઈ ગઈ હતી. આ બંને બાઈક ઉપર હતા. દવે યુ ટર્ન લઈ રહ્યો હતો ત્યારે પાછળથી કાર ટકરાઈ ગઈ હતી. અકસ્માત એટલો પ્રચંડ હતો કે બંને હવામાં ફંગાડાઈ ગયા હતા અને માથામાં ગંભીર ઈજા થઈ હતી. શિવમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે રાહુલનું બે દિવસ બાદ સારવાર દરમિયાન મોત થયું હતું. અકસ્માત બાદ શાહ ફરાર થઈ ગયો હતો અને ૨૭મી ફેબહુઆરીના દિવસે તે પોલીસ સમક્ષ ઉપસ્થિત થઈ ગયો હતો. તેને ૧લી માર્ચના દિવસે જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો. વસ્ત્રાપુર પોલીસે કહ્યું છે કે તપાસ ટીમ અકસ્માતના સમયે કારની ઝડપ કેટલી હતી તેની ખાતરી કરવા ઈચ્છતા હતા. આના માટે ફોરેન્સીક નિષ્ણાંતોની સેવા લેવામાં આવી હતી. ફોરેન્સીક નિષ્ણાંતો વૃક્ષ અને બાઈક ઉપર અસર અને કારની સ્થિતિની ચકાસણી કરી ચૂક્યા છે. નિષ્ણાંતોએ અંતિમ રિપોર્ટ આપ્યો નથી પરંતુ પ્રાથમિક તારણ દર્શાવે છે કે આ કાર અકસ્માતના સમયે ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકથી ચાલી રહી હતી. ફોરેન્સીક નિષ્ણાંતોની ટીમ તપાસ કરી રહી છે. અભ્યાસ ઉપર તમામ બાબત આધારિત હોઈ શકે છે. કારની સંભવિત ઝડપને લઈને પ્રશ્નો ઊભા થયા છે.

## સિદ્ધપુર-પાટણ હાઈવે પર કાર અકસ્માતમાં બેનાં મોત

પાટણ જિલ્લાના સિદ્ધપુર - પાટણ માર્ગ ઉપર કનેસરા ગામ પાસે કારને અજાણ્યા વાહને ટક્કર મારતા સર્જાયેલા અકસ્માતમાં એક બાળકી સહિત બે વ્યક્તિઓના ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યા હતા. ખેરાલુનો પુરોહિત પરિવાર બાધા પુરી કરવા દિયોદર તરફ જઈ રહ્યો હતો ત્યારે રવિવારે સવારે આ અકસ્માત નડ્યો હતો. રવિવારે સવારે ખેરાલુનો પુરોહિત પરિવાર માનેલી બાધા પુરી કરવા કાર દ્વારા દિયોદર તરફ જઈ રહ્યો હતો તે સમયે સિદ્ધપુર પાટણ માર્ગ ઉપર કનેસરા ગામ પાસે સામેથી આવી રહેલા વાહન સાથે ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. કારમાં બેઠેલા ભારથાભાઈ ભગવાનભાઈ પુરોહિત તેમજ ૨ માસની એક બાળકીનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે કારમાં બેઠેલી અન્ય વ્યક્તિઓ પૈકી (૧) કિશન પ્રહલાદભાઈ (૨) હિરલ કનુભાઈ (૩) ગીતાબેન બાનાભાઈ તેમજ (૪) સરસ્વતી ભારથાભાઈને ઈજાઓ પહોંચતા તેમને સારવાર માટે મહેસાણાની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

### લોટાની મેખ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સફાઈ ભલે બિલ્ડીંગોમાં જેમની દુકાનો, ઓફિસો છે તેમની છે પરંતુ આસપાસના વિસ્તારની સાફસફાઈની જવાબદારી તો મનપાની છે ને...!

આ ઈમારતોની સામેના મેદાનમાં પાર્કિંગ ન થાય અને ખાણીપીણીની લારીઓ ઉભી ન રહે તે માટે વનવિભાગે ફેન્સિંગ કર્યું છે પરંતુ આ વિસ્તારને જ જાણે કચરાટોપલીમાં ફેરવી દેવાયો છે. અહીં જ્યાં જુઓ ત્યાં કચરો જ કચરો નજરે પડે છે. ખાણીપીણીની લારીઓવાળા અને સામે આવેલી દુકાનો-ઓફિસોનો કચરો અહીં જ ઠલવાય છે. અહીંથી ચાલતા પસાર થાવ ત્યારે જ ખબર પડે કે આ વિસ્તાર ધીમે ધીમે કચરાપેટીમાં ફેરવાઈ રહ્યો છે. અહીં સફાઈ થતી જ નથી. થોડાક મહિનાઓ અગાઉ વાયબ્રન્ટ સમિટ ગાંધીનગમરાં યોજાઈ ત્યારે બહારની સફાઈ કર્મચારીઓ બોલાવી ચ-૩ સર્કલની આસપાસનો વિસ્તાર થોડોક ચોખ્ખઓ કરાયો હતો પરંતુ તે કાર્યક્રમ પુરો થયા પછી સફાઈ કર્મચારીઓ ગાયબ થઈ ગયા અને સફાની સમસ્યા ફરી પછી ઉભી થઈ છે.

ગાંધીનગરના નાગરિક તરીકે આપણને એ વિચાર જરૂર આવે કે રાજ્યના પાટનગરની વચ્ચોવચ આવેલા અને શહેરની ઓળખ સમા સેકટર-૧૧ના શોપીંગ કોમ્પલેક્ષની આવી હાલત હોય તો દૂરના વિસ્તારો અને ગામડાઓમાં તો સફાઈ મામલે શુ દરકાર લેવાતી હશે. જ્યાં ત્યાં ગંદકી ફેલાયેલી હોય ત્યારે શહેરી વિકાસ પાછળ વપરાતુ કરોડોનું બજેટ વ્યર્થ જ બની જાય...!

### હેલ્થ સર્વે કરાશે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

સેવાઓના સઘનીકરણ માટેનો આખો એકશન પ્લાન તૈયાર કરવામાં આવશે.

આ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બે માસ કરતાં પણ વધુ સમય સુધી આ સર્વેની કામગીરી ચાલશે તેવો હાલ અંદાજ છે.

સરકારી કામગીરી ઉપરાંત આ સર્વેની કામગીરી કરવાની હોવાથી તેમાં સમય વધુ જશે તેમ મનાઈ રહ્યું છે. સીબીએસવી દ્વારા આ સર્વે કરાવવામાં આવનાર છે. આ માટે પ્રશ્નોત્તરી સાથેનું આખું પત્રક તૈયાર કરી દેવામાં આવ્યું છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આ માટે વર્કરોને વિશેષ તાલિમ પણ આપવામાં આવી છે. પ્રથમ શહેરના સ્લમ વિસ્તારને આવરી લેવામાં આવશે અને ત્યારબાદ સેકટરોમાં તેની કામગીરી શરૂ કરાશે.

અગાઉ શહેરમાં મેલેરિયાના કેસોમાં થયેલા વધારાને પગલે સર્વેનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ આખા શહેરને તેમાં સમાવાયું ન હતું. આ સર્વે પણ નર્સીંગ કોલેજની વિદ્યાર્થીનીઓની મદદથી કરાયું હતું.

હવે કોર્પોરેશન પાસે અર્બન હેલ્થ પ્રોજેકટ અંતર્ગત સીબીએચવી કાર્યકરો ઉપલબ્ધ થતાં આ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. કોર્પોરેશનની રચનાને બે વર્ષ જેટલો સમય થઈ ગયો છે ત્યારે આ પ્રથમ સત્તાવાર હેલ્થ સર્વે કોર્પોરેશન દ્વારા હાથ ધરાઈ રહ્યો છે જે ઉલ્લેખનીય છે.

### વસંતોત્સવનો છેલ્લો.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતના ૩૦૦ કલાકારો દ્વારા રાસ ગરબા, આદીવાસી, ડાંગી નૃત્ય સહિતની રસપ્રદ કૃતિઓએ પણ ભારે આકર્ષણ જમાવ્યું છે. જયારે વસંતોત્સવમાં કલાકારોને સ્ટેજ પુરું પાડતા આ કાર્યક્રમનું સંચાલન પણ છેલ્લા ત્રણ વર્ષથી શહેરના સ્થાનિક અગ્રણીઓને સોંપવામાં આવ્યું છે. યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના મનોજ શુકલ તેમજ સ્કુલ ઓફ એચિવરના અંગ્રેજી વિષયના નિષ્ણાંત કવિતા પરમારે કાર્યક્રમનું સંચાલન સંભાળ્યું છે. ગઈકાલે રાજયકક્ષાની ગરબા સ્પર્ધાના વિજેતા કલાકારોએ પણ મંચ પરથી કૃતિ રજૂ કરી હતી. વસંતોત્સવની ઉજવણીનો આજે છેલ્લો દિવસ છે.

### આવકમાં વિસ્ફોટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવક અને ૨૬૨૩૧.૬૪ કરોડ મૂડી આવક પ્રાપ્ત થશે જે એક લાખ ૧૧ હજાર કરોડ કરતાં વધારે હશે.

નાણા વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે રાજ્યની મહેસૂલી આવકમાં ચાલુ વર્ષે ૨૦.૩૮ ટકાનો વધારો થયો છે, જે આગામી વર્ષે ૧૩.૧૪ ટકા રહેવા સંભવ છે. રાજ્યની કુલ મહેસૂલી આવકોમાં રાજ્યનો હિસ્સો ૭૬ ટકા અને કેન્દ્રનો હિસ્સો ૨૪ ટકા છે. ૨૦૧૨-૧૩માં રાજ્યની પોતાની મહેસૂલી આવક ૫૭૯૧૮ કરોડ અને કેન્દ્રીય કરવેરામાં હિસ્સો ૧૬૮૭૩ કરોડ થવા જાય છે. એટલે કે રાજ્યનો હિસ્સો ૭૬ ટકા થવા જાય છે.

બીજી તરફ રાજ્યનું જાહેર દેવું પણ વધતું જાય છે. ૨૦૦૬-૦૭માં રાજ્યનું દેવું ૭૨૧૫૪ કરોડ હતું તે ૨૦૧૨-૧૩ના સુધારેલા અંદાજ પ્રમાણે ૧,૩૮,૯૭૮ કરોડ થશે, જ્યારે ૨૦૩-૧૪ના અંતે સરકારનું જાહેર દેવું ૧,૫૮,૭૭૦ કરોડ થવા સંભવ છે. એવો લક્ષ્યાંક છે કે ૨૦૧૫-૧૬ના અંતે ગુજરાત સરકારનું દેવું વધીને ૨,૦૭,૬૯૫ કરોડ થઈ જશે.